પ્રવાસના કેટલાક અનુભવો

[૪]

ચિરપરિચિત કાશીનું સ્મરણ તાજું કરવાની લાંબા વખતની તીવ્ર ઇચ્છા અને મારા પૂજ્ય વિદ્યાગુરુને મળવાની લાલચ એ બે ન હોત તો મિત્રોનો ઘણો આગ્રહ અને મારી પોતાની વૃત્તિ છતાં આ વખતે કલકત્તા જવાનો વિચાર અમલમાં મૂકી શક્યો ન હોત. માર્ચની સોળમી તારીખે કલકત્તા જવા નીકળ્યો. રેલવેનું વર્ણન હવે પુનરુક્તિ જેવું લાગે છે. છતાં એ ત્રણ દિવસનો અનુભવ તદ્દન ફેંકી દેવા જેવો તો નથી જ. ચાલતી ગાડીએ બીજા પાસે પુસ્તકો વંચાવી સાંભળવાં એ સહેલું નથી અને કાંઈ પણ માનસિક ખોરાક મેળવ્યા સિવાય વખત બરબાદ કરવો એ ઓછું કષ્ટદાયક નથી, તેથી એ વખતનો ઉપયોગ કરી લેવાની વૃત્તિ સ્વાભાવિક રીતે જ મને હતી. બીજા પ્રસંગો જતા કરી આપણા જર્જર સમાજનો ખ્યાલ આપે એવા એકાદ વાસ્તવિક સામાજિક પ્રસંગનું જ વર્ણન આપી દઉં એટલે પુનરુક્તિ વિના રેલવેના ત્રણ દિવસોનું સ્વરૂપ વર્ણન આવી જાય.

મારા એક સ્નેહી અને હિંદી પત્રપત્રિકાઓના જાણીતા લેખક કન્નુમલ્લજી એમ.એ.એ થોડા દિવસ પહેલાં લગ્ન કર્યું. એ વાત મેં છાપાં દ્વારા જાણી હતી. મને થયું કે આવા શિક્ષિત અને ધવલપુરના ન્યાયાધીશ તેમ જ શિક્ષણ વિભાગના એક વડા અધિકારીએ પચાસ વર્ષે (પાછળથી માલૂમ પડ્યું કે તેમની ઉમર ૫૭ વર્ષની હતી) લગ્ન કર્યું એ હિંદુ સમાજનું કેવું દુર્ભાગ્ય! (દુર્ભાગ્ય એટલા માટે જ કે કન્યા ભાગ્યે જ પંદર વર્ષની હોય અને વળી પુનર્લગ્નનો સખત પ્રતિબંધ; ઉપરાંત પડદાની પ્રથા.) પરંતુ ખુશીની વાત એટલી જ કે એ શિક્ષિત મહાશયે લગ્ન કર્યાં છતાં જ્યારે કેટલાક મિત્રોએ તેમને પૂછ્યું ત્યારે તેમણે જરા પણ બચાવ કર્યા વિના પોતાની નબળાઈ સ્વીકારી અને માત્ર વાસના ખાતર એક કન્યાને આજન્મ કારાગૃહમાં નાખવાની પોતાની ભૂલ શરમપૂર્વક કબૂલ કરી. પણ મેં જે એક કિસ્સો રેલવેમાં અનુભવ્યો તે આથી તદ્દન જુદો છે. એક સિધ્ધપુરના ઔદિચ્ય બ્રાહ્મણ ઘણાં વર્ષો થયાં કલકત્તામાં રહે છે અને વ્યાપાર કરે છે. પૈસેટકે સુખી છે, પહેલી સ્ત્રી હયાત છે, બીજી વરસેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગાઉ મરી ગયેલી. આજે એ ભાઈની ઉંમર તેમના કહ્યા મુજબ ૫૪ વર્ષની ખરી (જો કે મને તો તેથી વધારે જ લાગેલી). એ ભાઈ ત્રીજી સ્ત્રી પરણી તુરતમાં કલકત્તા પાછા ફરેલા અને દિલ્હી પછી રેલવેમાં ભેટો થયો. નીચેની હકીકત એ ભાઈ અને ગુજરાતના એક બ્રાહ્મણ વૃદ્ધ બહેન જે કલકત્તા જતાં હતાં તેઓ વચ્ચે થયેલી વાતચીતના અતિ ટૂંક સાર રૂપે આપું છું. તે ઉપરથી હિંદુ સમાજની ઉચ્ચ મનાતી અગર પોતાને ઉચ્ચ માનતી જ્ઞાતિઓનો અને તેમના સામાજિક વ્યવહારોનો ખ્યાલ આવશે:—

મને તો ખબર જ ન હતી પણ અચાનક તાર આવવાથી સિદ્ધપુર પહોંચ્યો અને જોઉં છું તો મારે માટે એક કન્યા સ્નેહીઓએ તૈયાર રાખી છે. કન્યાની પસંદગી મારે કરવાની હતી. ચારે બાજુથી કાણીના ને આંધળીના ગુમાટ છતાં મેં પરીક્ષા કરી અને મને તેટલું બધું ન લાગ્યું. છેવટે કન્યાના વડીલો સાથે મસલત કરી દસ્તાવેજ કરાવી લીધો કે જો કન્યા આંધળી નીકળે તો હું તેનું ભરણપોષણ કરવા બંધાતો નથી. બીજે જ દિવસે લગ્ન કર્યું. એકીબેકીની રમતમાં કન્યા પૈસા અને રૂપિયાનો ભેદ જોઈને પારખી ગઈ, અને બીજી રીતે પણ તે જોઈ શકે છે એ મારી ખાતરી લગ્નક્રિયામાં જ થઈ. ઘણું ખર્ચ કરી મેં લોકોને સંતોષ્યા અને ચીડિયા સ્વભાવની હમેશાં લડાઈમાં મુકાદમનું કામ કરનારી, એ પહેલી સ્ત્રીને પણ પૈસાની ખાનપાનની ભેટ ધરી સંતોષી અને લગ્ન કરી તરત જ કલકત્તા પાછો જાઉં છું.

નવવધૂ એના વડીલ સાથે તુરત જ આવનાર છે. આવશે ત્યારે જરૂર તમો સ્નેહીઓને ત્યાં લાવીશું. આટલી ઉંમરે લગ્ન ન કરત પણ મરી ગયેલ બીજી સ્ત્રીની એક નાની બાળકીને ઉછેરવાનો સવાલ છે. વંશની પણ ચિંતા છે. મેળવેલા પૈસાનો પણ કાંઈક ઉપયોગ થવો જોઈએ. ઘડપણમાં અંગત સિવાય ખરી સેવા કોઈ ન કરે. આંખે થોડી ઘણી હરકત હશે તો એમાં કાંઈ ખોટું નથી; કારણ કે એવી સ્ત્રી કુળનિંદા નહિ કરાવે અને કૂતરાં નહિ ભસાવે. ઈત્યાદિ.

આ બધી વાત એ ભાઈ એટલા ઉત્સાહ, બળ અને વિશ્વાસપૂર્વક કરી રહ્યા હતા કે તે બધું જોઈ મને બ્રાહ્મણોનું લાડુભોજન અને લાડુમાં પણ ઘૃતનું રાજ્ય અને તેથી વધતું બુદ્ધિબળ એ બધું સ્મરણમાં તાજું થતું હતું; છતાં મેં ચોવીસ કલાકથી વધારે સંયમ રાખી એક તટસ્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેસેન્જર રૂપે એ વાત સાંભળ્યા જ કરી, પણ બર્દવાન સ્ટેશન જે કલકત્તાની નજીક છે ત્યાં પહોંચતાં અચાનક મૌન તૂટ્યું અને એ ભાઈ મારી પાસે આવ્યા. વળી વાત શરૂ થઈ. તેમણે કહ્યું: 'જો ગાંધીજીએ એક ભૂલ ન કરી હોત તો જરૂર સ્વરાજ્ય મળ્યું હોત. અને તે એ કે, બારડોલીનો ઠરાવ. અમે બધા ગાંધીજીને ખૂબ માનીએ છીએ, ખાદી માટે તેમણે બહુ કર્યું છે, વગેરે.' મેં કહ્યું કે 'ગાંધીજી વૃદ્ધ-લગ્ન વિરુદ્ધ બહુ લખે છે અને તેને પરિણામે હમણાં કેટલાંક વૃદ્ધ-લગ્નો થતાં પણ અટકયાં છે ત્યારે તમે આટલી ઉંમરે ગાંધીજીને સમજવા છતાં શા માટે પરણ્યા?' મારા આ પ્રશ્ને તેમની બુદ્ધિ શક્તિને ખૂબ વેગ આપ્યો. જેમ કોઈ દલીલબાજ વકીલ એક પછી એક દલીલ દીધે જ જાય છે તેમ તે ભાઈએ પોતાની દલીલ-બાણાવલિથી મને વીંધ્યા જેવો કરી નાખ્યો. તેમણે કહ્યું: 'આ લગ્નમાં મારો મુખ્ય હેતુ એક બ્રાહ્મણકન્યાના ઉદ્ધારનો છે. એનો કન્યાકાળ વીતી ગયો એથી એનાં મા-બાપ, લાગતાં વળગતાં તેમ જ એ કન્યા એટલાં બધાં દુઃખી થતાં અને લોકનિંદાથી ધવાયેલાં તે ગમે ત્યાં એ કન્યાને આપી દેવા તરફડી રહ્યાં હતાં. એ બધાનું દુઃખ મેં દૂર કર્યું; અને તેથીયે વધારે ઉપકાર તો એ કન્યા ઉપર મેં કર્યો છે. એ આંખમાં ફૂલાંવાળી કન્યાનો કોઈ હાથ નહોતું પકડતું ત્યારે મેં કોઈની પરવા કર્યા સિવાય એને બચાવી લીધી છે. ખરી રીતે મેં આ લગ્ન કરીને એક બ્રાહ્મણકન્યાને અભયદાન આપ્યું છે. બાકી અત્યારે મને લગ્ન કરવાની તૃષ્ણા ન હતી.' મેં પૂછ્યું, 'ઉંમર કેટલી?' ઉત્તર મળ્યો, 'ચોપન થયાં હશે.' 'શું તમે ન પરણ્યા હોત તો એ કન્યા રિબાત?' મેં પૂછ્યું. 'અવશ્ય, તેનું જીવન એળે જાત. નાત નાની, કન્યાકાળ ગયેલો, આંખે ફૂલું, પછી લે કોણ? આપણે તો છીએ ઘરડા, એટલે એમ માની લઈએ કે જુગતું જ થયું છે. જો રૂપાળી અને સર્વાંગસુંદર કન્યા મળી હોત તો તે અભિમાની હોવા ઉપરાંત પાછળથી સાચવવી પણ મુશ્કેલ પડત, આ તો ઠીક છે; નહિ ફાવે ત્યારે ખાવા જેટલું આપવાથી ગમે ત્યાં ઘરને ખૂણે પડી રહેશે.' વગેરે.

કન્નુમલ્લજી અને આ સિદ્ધપુરવાળા ઠાકોર બન્નેએ વૃદ્ધ-લગ્ન કર્યાં; પણ પહેલાએ ચોખ્ખી નબળાઈ સ્વીકારી, બીજાએ બહુ જ કુશળતાથી બળ-પૂર્વક બચાવ કર્યો, એટલું જ નહિ પણ પોતાની પરોપકાર-વૃત્તિ બતાવી. આમાં તથ્ય શું છે અને કેટલું છે એ બતાવવું એ આ ઘટના આલેખવાનો ઉદ્દેશ નથી, પણ આ ઉપરથી સ્પષ્ટ થતો એક આર્યસિદ્ધાંત અહીં સૂચવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવાનો હેતુ છે અને તે એ કે कर्मानुसारिणि बुद्धिः। કર્મ એટલે સંસ્કાર, અગર વાસના. સંસ્કાર જે કરવા પ્રેરે તે તરફ માણસ ઢળે, અને જો તેને બુદ્ધિ હોય તો તે વૃત્તિનું સમર્થન કરે ને તેના ઉપર ઓપ ચડાવે. સંસ્કાર શુભ અગર શુદ્ધ હોય તો બુદ્ધિ તેની વકીલાત કરી પ્રતિષ્ઠા મેળવે. સંસ્કાર નબળો હોય તો બુદ્ધિ તેનો પક્ષ લઈ કદાચ વિજય મેળવે પણ પ્રતિષ્ઠા ન મેળવે. એવા પ્રકારના માણસો ચાલાક કહેવાય છે. અને તેવા ચાલાકમાં પેલા ઠાકોરભાઈની ગણતરી કરવી જોઈએ. અલબત્ત કોઈવાર બુદ્ધ્યનુસારી પણ કર્મ હોય છે. બુદ્ધિ બતાવે તેવે રસ્તે માણસ ચાલે એવા માણસો પુરુષાર્થી હોય છે. કોઈ વાર બુદ્ધિ પરિમાર્જિત ન હોય તો એનો પુરુષાર્થ સત્પરિણામ ન લાવે, પણ જો બુદ્ધિ શુદ્ધ હોય અને તે પ્રમાણે પુરુષાર્થ કરવામાં આવે તો તેથી તે મહાન બને. આપણે આ કોટિમાં મહાત્માજીને મૂકી શકીએ. અસ્તુ.

શાંતિનિકેતનથી પાછા ફરતાં કાશી આવવા બહુશ્રુત અને વિદ્યાવયોવૃદ્ધ પૂ. ધ્રુવ સાહેબનો જ્યારે કલકત્તાથી ઉત્તર આવ્યો કે હું કાશીમાં છું—રહેવાનો છું, તમારા વિદ્યાગુરુ મિશ્રજી કાશીમાં જ છે, અને તમે મારે ત્યાં જ ઊતરજો. ત્યારથી જ હું કાશી જવા માટે તલપાપડ થઈ રહેલો. કેન્ટોનમેન્ટ સ્ટેશનથી ધ્રુવ સાહેબને બંગલે જતાં કૃપાલાનીજીનો આશ્રમ જોઈ લેવાની ઝંખના થઈ. એ તરુણ જોગીને મળવાની લાલસા પ્રબળ હતી. પણ રસ્તામાં જ કોઈએ કહ્યું કે તેઓ અહીં નથી એટલે આગળ ચાલ્યો. એક વારનું જંગલ અગર મેદાન અને અત્યારનું વિશ્વકર્મા નગર હિન્દુ યુનિવર્સિટીનો વિભાગ જ્યાં ધ્રુવ સાહેબનો બંગલો છે ત્યાં પહોંચ્યો. ધ્રુવ સાહેબ તુરતમાં જ મદ્રાસથી આવેલા હોવાથી તબિયત સારી ન હતી, પણ તેમનો પ્રેમ અને આતિથ્યપ્રબંધ જોઈ હું તૃપ્ત થઈ ગયો. વિદ્યાર્થીઓ અને પંડિતો હોસ્ટેલમાં હતા જ. પરિચિતોને લાંબે કાળે મળવાની ઝંખના જેને એકવાર થઈ છે તે મારી ઉત્સુકતાને કલ્પી શકે. તેમાંએ વિદ્યાગુરુને (ખાસ કરી નિખાલસ સ્વભાવના અને પ્રખર વિદ્યાસંપન્ન ગુરુને) મળવાનું હોય ત્યારે હર્ષ અને ઉત્સુકતાની હદ નથી રહેતી. તેઓ પાસે હજી પહોંચ્યો નહોતો ત્યાં તો દૂરથી 'आइए सुखलालजी आइए, क्या सोलह सोलह वर्ष के बाद इतने पत्र और इतने संकेत होनेके बाद भी आज ही!' એ ગુરુ મુખનાં નિખાલસ અને સપ્રેમ વાક્યોએ મને શરમાવી દીધો. પણ પછી વિદ્યાવાર્તા, નવીન અભ્યાસનાં પરિણામો, ચાલુ કાર્યો વગેરેના વિષયોમાં ઊતર્યા અને એક બીજાના અનુભવો ઠાલવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં વાચકોને જણાવી દેવું ઉચિત ધારું છું કે જે મારા વિદ્યાગુરુ હિંદુ યુનિવર્સિટીમાં સંસ્કૃત વિભાગમાં છે તે મુખ્ય નૈયાયિક છે, પણ ખરી રીતે તે વૈદિક બધાં દર્શનોના નિષ્ણાત પંડિત છે. મેં જેટલા પંડિતો જોયા છે તેમાં આમનું વિદ્યાદૃષ્ટિએ મુખ્ય સ્થાન છે અને એ ત્યાંના પ્રધાન પંડિત છે. ધ્રુવ સાહેબ પોતે તેમનાથી ખૂબ જ સંતુષ્ટ છે. અને તે પંડિતજીના હોવાથી હિંદુ યુનિવર્સિટી ગૌરવ માને છે. એ પંડિતજીની થોડી ચર્ચા કહું. શરીરમાં માત્ર અસ્થિ શેષ છે. ઉંમર મોટી નથી. અભ્યાસ કરાવવામાં અને તેનાં પરિણામો લખવામાં ખાસ કરી પ્રાતઃકાળમાં ઉત્પન્ન થયેલ વિચારો નોંધવામાં એવા નિમગ્ન રહે છે કે ફરવા સુદ્ધાં જતા નથી. એ મોટો દોષ છે, છતાં વિદ્યાની ઉપાસના કેટલી તીવ્ર છે એ જણાવવા ખાતર આ વાત આપું છું. પ્રાતઃકાળમાં ચાર કલાક અને બપોરે બેથી રાતના નવ વાગ્યા સુધી સાત કલાક એ અગિયાર કલાકના માત્ર બૌદ્ધિક કાર્ય નહિ પણ અધ્યાપન કાર્યના સતત અનુશીલનથી તેમની પ્રત્યેક દર્શન-વિદ્યા કેટલી જાગ્રત હશે એની કલ્પના દૂર બેઠાં અનભિજ્ઞને ન આવી શકે. મેં તો શિષ્ય ભાવે તેમને હવે આટલું અધ્યાપન ન કરવા કહ્યું. તેમણે સ્વીકાર્યું પણ. અસ્તુ. એ અને એમના જેવા પંડિતો કાશીમાં છે એ જ મારે મન કાશીની વિશેષતા છે. પંડિતશૂન્ય કાશીમાં ગંગા ઉત્તરવાહિની હોત અને બુદ્ધનાં પૂર્વસ્મરણો કરાવતાં હોત, અને બીજી કેટલીક કળા કારીગરીની વિશેષતાઓ આજે છે તે હોત તોપણ હું કાશીને તીર્થનામ કદી પણ ન આપત. કાશીનું તીર્થ એ ભારતીયશાસ્ત્ર વિદ્યાના સંરક્ષણમાં સમાયેલું છે. જો એ ન હોય તો બાકીની બધી કાશીની વિશેષતાઓ અન્યત્ર પણ લભ્ય છે.

મને જૈન જાણી એક જૈન વિદ્યાર્થીઓનું નાનું મંડળ પણ એકઠું થઈ ગયું, જે કૉલેજમાં જુદા જુદા વિષયો લઈ શીખે છે, અને જુદા જુદા પ્રાંતમાંથી એકઠું થયેલું છે. ચાલુ અભ્યાસની રાષ્ટ્રીયતાની, જૈન સમાજની વર્તમાન સ્થિતિની, તેના ફિરકાઓના બહુ કીમતી ઝઘડાઓની થોડી ઘણી ચર્ચા થઈ. અહીં નોંધવા જેવી બાબત એ છે કે તેમાંના અમુક વિદ્યાર્થીઓને બીરલા સ્કૉલરશીપ મળે છે. જૈનો, શીખો, કાયસ્થો વગેરે બધાએ એનો લાભ લે છે. મારા સાંભળવા પ્રમાણે એવી સેંકડો સ્કૉલરશીપો તેઓ કાશીમાં આપે છે. માત્ર શુદ્ધ વિદ્યાદૃષ્ટિથી આવી રીતે ધનનો ઉપયોગ કરનાર હિંદુસ્થાનમાં કેટલા હશે?

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

બીજે દિવસે સવારે નાગરી પ્રચારિણી સભામાં ગયો. રામનવમી હોવાથી કાર્યાલય બંધ હતું. ઊંડી અને લાંબી ગલીઓમાં મંત્રીને ત્યાં જવા નીકળ્યો. જે ગલીમાં જતાં અને ઊભા રહેતાં સૂગ ચઢતી તે ગલીમાં આટલાં વર્ષ બાદ ગયા પછી કેવળ પૂર્વ પરિચયને કારણે, ભૂતકાળના સ્મરણથી ઉત્પન્ન થતા આનંદને કારણે એ સૂગે સ્પર્શ પણ ન કર્યો. જે એક્કાએક મને ગુજરાતમાં આવ્યા પછી ટીકા કરવાની વસ્તુ જેવા લાગતા તે એક્કામાં બેસી કાશીમાં જતાં પૂર્વકાલીન સ્મરણને લીધે એક જાતનો આનંદ અનુભવાતો. મને તે વખત લાગ્યું કે જે વસ્તુ અનુભવકાળમાં દુઃખદ હોય છે કે ખટકે છે તે જ સ્મરણકાળમાં સુખદ બની જાય છે. ધ્રુવ સાહેબના (એકવાર સાથે તો જમીએ એવા) પ્રેમાળ આગ્રહથી બીજે દિવસે રોકાયો પણ જે ગંગાકાંઠે વર્ષો વ્યતીત કરેલાં અને જ્યાં અનેક પોથીઓ ઉથામેલી ત્યાં ગયા સિવાય કાશી છોડવાનું મન થાય ખરું ? તેથી એ અભ્યાસસ્થાનમાં ગંગાના કિનારે જૈન મંદિરમાં માત્ર બે મિનિટ જઈ આવ્યો અને સુખ તથા દુઃખની તીવ્ર મિશ્રિત લાગણી અનુભવતાં અનુભવતાં આગ્રા તરફ આવવા નીકળ્યો. ફરી અહીં અવાશે ? આવીશ તો રહીશ ? રહેવું ઘટિત છે કે નહિ ? કાયમ રહેવું કે નહિ ? પાછુ ફરી આવવું છે અને બાળક બની, વિદ્યાર્થી બની આપની આટલી પરિણત વિદ્યાનું નવી દૃષ્ટિએ પાન કરવું છે એવું વિદ્યાગુરુને વાતચીતમાં આપેલું વચન પાળવાનો અવસર પાછો આવશે કે નહિ ? એ અવસર આણવા શું શું કરવું પડશે અને શું શું છોડવું પડશે વગેરે અનેક પ્રશ્નમાળાઓને હૃદયમાં લઈ ગાડી ઉપર સવાર થયો અને આગ્રા પહોંચ્યો.

આગ્રા એ ચાર વર્ષના પૂર્વનિવાસનું સ્થાન હતું. ત્યાં મિત્રો ઘણા. કેટલાક શ્રીપુત્રો તો કેટલાક ધીપુત્રો. મહાવીર જયંતી આવવાની તેથી ત્રણે ફિરકાઓનો સંયુક્ત પ્રયત્ન એ ઉત્સવ માટે હતો, અને અચાનક જવાનું થયું એટલે એઓ નીકળવા દે ? બધું ઠેલવું શક્ય છે પણ મિત્ર–આગ્રહ ઠેલવો શક્ય નથી. આર્ય સમાજના, મુસલમાનોના અને સનાતનીઓના ઉત્સવો તાજેતરમાં થયા હતા અને થનાર હતા. જૈનો પાછા પડે તો ધર્મની અધોગતિ ગણાય, એટલે તેઓને પણ શૂરાતન ચડેલું. જૈન યુવકો સ્વયંસેવક દળ તૈયાર કરવા અને જૈન સમાજનું સંગઠન કરવા ઉત્સુક દેખાતા. ભગવાન મહાવીરના જીવન પરત્વે, અને સ્વયંસેવા પરત્વે અને સંગઠન પરત્વે, મારે કાંઈક કહેવું એવી એમની માગણી હતી. મેં કહ્યું કે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હું જન્મે સ્થાનકવાસી છું. મૂર્તિપૂજક ફિરકામાં જીવન વ્યતીત કરું છું, અને દિગંબર પંથના નિકટ પરિચયમાં ખૂબ આવ્યો છું, છતાં એ ત્રણે ફિરકાઓમાંના ઘણા મને પોતાના ફિરકા બહારનો અથવા પોતાના ફિરકાનો અનુયાયી માને છે. સ્થાનકવાસી મને મૂર્તિપૂજક સમજે છે. કેટલાક 'શ્વેતાંબરો' દિગંબરમાં પક્ષપાત જુએ છે, અને દિગંબરો તો મને શ્વેતાંબર જ માને છે. ખરી રીતે હું સમાન રૂપે ત્રણે ફિરકાનો છું અને અસમાન રૂપે એકેનો નથી. એવી સ્થિતિમાં તમારા સંયુક્ત ઉત્સવમાં હું તમને સંભળાવીશ તે ભારે તો નહિ પડે?' સામેથી ઉત્તર આવ્યો કે અમે યુવકો એ માટે તૈયાર છીએ. આ પ્રયત્ન યુવકોનો જ છે. જ્યારે આવી ખાતરી મળી ત્યારે મેં કાંઈક બોલવા સ્વીકાર્યું, અને વિષય નક્કી કર્યો. 'जैन धर्मका हृदय क्या है'। જૈન ધર્મનું હૃદય શું છે? એ વિષય ઉપર નીકળવાને દિવસે દોઢેક કલાક ચર્ચા થઈ, જે આ વર્ણનમાં ટૂંકામાં પણ આપી ન શકાય. વળી પ્રસંગ મળશે તો એ વિચારો વ્યવસ્થિત કરી ઉપસ્થિત કરીશ.

જેમ આ મુસાફરી ત્વરાની હતી તેમ તેનું આ વર્ણન પણ તેથીયે વધારે ત્વરાપૂર્વક કરી આપ્યું છે. તેમાં ઘણી બાબતો છોડી છે, ઘણી ટૂંકાવી છે, અને ઘણી ઉત્ક્રમે પણ મૂકી છે. આશા છે કે એ ત્રુટિ ક્ષંતવ્ય ગણાશે.

—પ્રસ્થાન, પુ૦ ૫, અં૦ ૬

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org